**ફો.કે.નં.: ૩૦૯/૨૦૨૬**

## –:: પ્લી લગત હુકમ ::–

૧. સદર કામે આરોપી સામે બી.એન.એસ.–૨૮૫ મુજબ નું ચાર્જશીટ રજુ કરવામાં આવતા, આજરોજ આરોપી હાજર રહેલ છે. ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ આ કામે રજુ રાખેલ છે. જેથી આરોપી સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું ફલીત થાય છે.

૨. આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છિક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહી કરવા ખાતરી આપતા હોય આ કામના આ આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનુ છુ. પરંતુ આરોપીની કબુલાત પુરશીષ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામા આવેલી રજુઆતોને લક્ષમાં લેતા તેમજ નામ. ગુજરાત વડી અદાલતે સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદ ઠાકોર (ક્રિમી. અપીલ નં .–૪૭૭/૨૦૦૨ વિ.) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા આ કામના આરોપીને હાલના ગુના સબબ કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલ ન હોય આરોપીની સામે જે પ્રકારના ગુનાનો આક્ષેપ છે તેને લક્ષમાં લેતા ગ્રામ્ય વાતાવરણમાં આવતા હોય આવા પ્રકારના સંજોગોમાં રજુઆતોને લક્ષમાં લેતા આરોપીને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા. અને ક્રિમી. પ્રો. કોડની કલમ ૩૬૦ ની હકીકતોને લક્ષમાં લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

### –:: <u>આ ખ રી હુ ક મ</u> ::–

આ કામનાં આરોપી **ઈમરાનશા અમીરશા શાહમદાર** ને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની ક.૨૭૫ મુજબ બી.એન.એસ.–૨૮૫ ના ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને **રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચ સો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીઓને **દિન–૨(બે)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date : 11/07/2026
Place : **SUTRAPADA**

**(A.R.BORICHA)**
JUDICIAL MEGI.FIRST CLASS
SUTRAPADA,GIR SOMNATH.
CODE:GJ00978